અરજી નં.૩૪૮ તા.૨૦–૨–૦૯

અરજદાર: શ્રી નિમિષાબેન નિખિલભાઈ પટેલ
સામાવાળા: ડે.કમિશ્નર (પએનઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય:**–આરટીઆઈ એકટ હેઠળ તા.૧૨–૧–૦૯ની શ્રી નિમિષાબેન નિખિલભાઈ પટેલની અરજીથી મોજે કતારગામના રે.સ.નં.૫૪૨/૧ પૈકી વાળી જમીનમાં આવેલ મકાન નં.૯૦૪ તથા ૯૦૫ તથા વાડા કાછાની જમીન ચાલી આવેલ છે જે સુરત મહાનગરપાલિકાના દફતરે ૧૯ઈ–૧૭–૦૭૩૧–૦–૦૦૧ તથા ૧૯ઈ–૧૭–૦૭૪૧–૧–૦૦૧ થી નોંધાયેલ છે સુરત મહાનગરપાલિકામાં અમલમાં આવ્યા ત્યારથી આજ દિન સુધીના વેરાબીલના સ્ટેટમેન્ટની નકલો અને ફેરફાર કાગળોની સર્ટીફાઈડ નકલો, સદર મિલ્કત ઉપર જમીન માલિક તથા કબ્જેદાર તરીકે એસએમસીમાં થયેલ ફેરફારની ડોકયુમેન્ટની સહી સિકકાવાળી ઝેરોક્ષ નકલ, અને રીપોર્ટના સર્ટીફાઈડ નકલો, મિલકત ઉપર જે કોઈ પ્લાન મંજુર થયા હોય તેની માહિતી તથા રજાચિઠ્ઠીની સર્ટીફાઈડ નકલ, અને મુળ માલિક તથા કબ્જેદારના નામ ચાલી આવેલ હોય તેની વિગતો તથા તેના નામો જે કોઈ ડોકયુમેન્ટને આધારે દાખલ થયેલ હોય તે તમામ કાગળો તથા ફોર્મની સહી સિકકવાળી નકલો માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૪૮/૨૦૦૮–૦૯

શ્રી નિમિષાબેન નિખિલભાઈ પટેલની તા.૧૨–૧–૦૯ની અરજીથી મોજે કતારગામના રે.સ.નં.૫૪૨/૧ પૈકી વાળી જમીનમાં આવેલ મકાન નં.૯૦૪ તથા ૯૦૫ તથા વાડા કાછાની જમીન ચાલી આવેલ છે જે સુરત મહાનગરપાલિકાના દફતરે ૧૯ઈ–૧૭–૦૭૩૧–૦–૦૦૧ તથા ૧૯ઈ–૧૭–૦૭૪૧–૧–૦૦૧ થી નોંધાયેલ છે સુરત મહાનગરપાલિકામાં અમલમાં આવ્યા ત્યારથી આજ દિન સુધીના વેરાબીલના સ્ટેટમેન્ટની નકલો અને ફેરફાર કાગળોની સર્ટીફાઈડ નકલો, સદર મિલ્કત ઉપર જમીન માલિક તથા કબ્જેદાર તરીકે એસએમસીમાં થયેલ ફેરફારની ડોકયુમેન્ટની સહી સિકકાવાળી ઝેરોક્ષ નકલ, અને રીપોર્ટના સર્ટીફાઈડ નકલો, મિલકત ઉપર જે કોઈ પ્લાન મંજુર થયા હોય તેની માહિતી તથા રજાચિઠ્ઠીની સર્ટીફાઈડ નકલ, અને મુળ માલિક તથા કબ્જેદારના નામ ચાલી આવેલ હોય તેની વિગતો તથા તેના નામો જે કોઈ ડોકયુમેન્ટને આધારે દાખલ થયેલ હોય તે તમામ કાગળો તથા ફોર્મની સહી સિકકવાળી નકલો માહિતી આપવા બાબતે મુદ્દા નં.૨ એસેસમેન્ટ નકલની અધુરી માહિતી તથા મુદ્દા નં.૩ અને ૪ ની માંગ્યા મુજબની વિગતવાર માહિતી પુરી પાડવા એપેલેટ ઓફિસરને તા.૨૦–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૫૯ તા.૭–૩–૦૯ થી ડે.કમિશ્નર (પએનઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને તથા અરજદારને મુદ્દા નં.૩ અને ૪ અંગે કેટલી માહિતી મળેલ છે? અને કયા કારણસર નારાજગી છે તેના વાજબીપણા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રેના વિભાગને આજ દિન સુધી કોઈ માહિતી મળેલ નથી કે નહીં આપેલ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ કાયદાની કલમ ૮,૯ ૧૧, કે ૨૪ હેઠળના કોઈ અપવાદ રજૂ કરેલ નથી. અરજીનું વિષય વસ્તુ જોતાં પ્રથમ દર્શી રીતે કેટલીક માહિતી ત્રાહિતને સ્પર્શતી અને કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરવા પાત્ર હોવાનું જણાય છે. જયારે અરજદાર તરફથી પણ મળેલી માહિતી અને આધાર અને વાજબીપણાની કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧૨–૧–૦૯ ની અરજીથી કતારગામના રે.સ.નં.૫૪૨/૧ પૈકી વાળી જમીનમાં આવેલ મકાન નં.૯૦૪ તથા ૯૦૫ તથા વાડા કાછાની જમીન ચાલી આવેલ છે જે સુરત મહાનગરપાલિકાના દફતરે ૧૯ઈ–૧૭–૦૭૩૧–૦–૦૦૧ તથા ૧૯ઈ–૧૭–૦૭૪૧–૧–૦૦૧ થી નોંધાયેલ છે સુરત મહાનગરપાલિકામાં અમલમાં આવ્યા ત્યારથી આજ દિન સુધીના વેરાબીલના સ્ટેટમેન્ટની નકલો અને ફેરફાર કાગળોની સર્ટીફાઈડ નકલો, સદર મિલ્કત ઉપર જમીન માલિક તથા કબ્જેદાર તરીકે એસએમસીમાં થયેલ ફેરફારની ડોકયુમેન્ટની સહી સિકકાવાળી ઝેરોક્ષ નકલ, અને રીપોર્ટના સર્ટીફાઈડ નકલો, મિલકત ઉપર જે કોઈ પ્લાન મંજુર થયા હોય તેની માહિતી તથા રજાચિઠ્ઠીની સર્ટીફાઈડ નકલ, અને મુળ માલિક તથા કબ્જેદારના નામ ચાલી આવેલ હોય તેની વિગતો તથા તેના નામો જે કોઈ ડોકયુમેન્ટને આધારે દાખલ થયેલ હોય તે તમામ કાગળો તથા ફોર્મની સહી સિકકવાળી નકલો માહિતી માંગવામાં આવેલ. જે અંગે નં.એન.ઝેડ/એઆરડી/૭૭૦ તા.૩૧–૧–૦૯ થી અરજદારને પાના નંગ ૩૭ રૂ.૨/– લેખે રૂ.૭૪/– ભરી માહિતી મેળવવા જણાવેલ. જે અરજદારે રસીદ નં.૩૦૯૯૦૨ તા.૩–૨–૦૯ ના રોજ ભરી માહિતી મેળવેલ છે તેવું અપીલ અરજીમાં જણાવેલ છે. જેમાં અરજદારે તા.૭–૧૦–૦૨ ના રોજ નામફેરના પુરાવાની ઝેરોક્ષ તથા સને ૨૦૦૩ થી ૨૦૦૯ ની એસેસમેન્ટની નકલ મળ્યાનું જણાવેલ છે. પરંતુ અરજદારને મળેલી માહિતી અંગે પત્ર પાઠવવા છતાં કેટલી માહિતી મળી છે અને કેટલી માહિતી નથી મળી તેની વિગતો પુરી પાડેલ નથી.

આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળની જોગવાઈ અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અને નિયંત્રણ હેઠળ પૈકીની ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૧૨–૧–૦૯ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પુરી પડાયેલ ૧ થી ૪ મુદ્દાની દફતરે ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી અરજદારને આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન –૧૫માં પૂરી પાડવા અગર કલમ–૧૧ હેઠળ જાહેર માહિતી અધિકારીએ લીધેલ વિગત દર્શક હુકમ જણાવવા ડે.કમિશ્નર (પએનઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર (પએનઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નિમિષાબેન નિખિલભાઈ પટેલ